23AT-BART-MD-01-01022

Seat No. _____

BACHELOR OF ARTS Examination

BA Semester - 1 JANUARY 2025 (Regular) JANUARY - 2025

GUJARATI LEKHANUDBODHAN KAUSHAL - 1

Faculty Code : 001

Subject Code : 23AT-BART-MD-01-01022

Time : 2 Hours] **[Total Marks : 50**

સૂચના બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

Q.1 'મિત્રતા : એક મીઠો સંબંધ'- વિષય પર નિબંધ લખો. 10

અથવા

Q.1 'મારું બાળપણ' વિષય પર નિબંધ લખો. 10

Q.2 'આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ, 10
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ' - વિચાર વિસ્તાર કરો.

અથવા

Q.2 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નો વિચારવિસ્તાર કરો. 10

Q.3 નીચે આપેલ ગદ્યખંડનું ત્રણગણું વિવરણ કરો. 10

પરમેશ્વરની વ્યાખ્યાઓ અગણિત છે, કેમકે તેની વિભૂતિઓ પણ અગણિત છે. એ વિભૂતિઓ મને આશ્ચર્યચકિત કરે છે. એ મને ક્ષણ વાર મુગ્ધ પણ કરે છે. પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી. પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા હું તૈયાર છું. અને આ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે.પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ના કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન વ્યતીત કરું છું. આ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ નજીવી લાગે છે, કારણ કે એ ભૂલો કરતાં છતાં હું બચી ગયો છું અને મારી સમજણ પ્રમાણે આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની-ઈશ્વરની-ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય એ જ ઈશ્વર છે, એ સિવાય બીજું કાંઈ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિન-પ્રતિદિન વધતો જાય છે.

- ગાંધીજી

અથવા

Q.3 નીચે આપેલ ગદ્યખંડનું ત્રણગણું વિવરણ કરો. 10

એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયો હોય તો આપણું પ્રતિબિંબ એમાં જોઈ શકાતું નથી, એટલે અજ્ઞાન અને દુષ્ટતા આપણાં હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જનતાનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણુ મોટામાં મોટું થાય છે . જે એમ વિચારે છે, કે 'હું પહેલા ખાઈ લઈશ હું બીજા કરતાં વધુ ધન મેળવીશ અને બધું જ હું મારી પાસે રાખીશ.' તે મનુષ્ય સ્વાર્થી છે. નિ:સ્વાર્થી મનુષ્ય કહે છે કે ' હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી, વળી જો નરકે જવાથી મારા ભાઈઓને હું મદદ કરી શકે તેમ હોવું તો હું નરકે જવા પણ તૈયાર છું.' આ નિ:સ્વાર્થવૃત્તિ ધર્મની કસોટી છે.

-સ્વામી વિવેકાનંદ

Follow @shyamsireducation 7600301012 www.shyamsireducation.in

Q.4 (A) નીચે આપેલ પરિચ્છેદનું ત્રીજા ભાગનું સારલેખન કરો અને યોગ્ય શીર્ષક આપો. 5

કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્ય પૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જવાળા પ્રગટાવીએ છીએ, તેમ જ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન એ સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ હોવા છતાં કૃતાર્થ ન થઈ શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો તેમાં પોલાપાણું આવે; એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે, જો જીવન ધરતી હોય તો સંસ્કૃતિ એ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.

-ફાધર વાલેસ

Q.4 (B) તમારી કોલેજમાં ગુજરાતીના અધ્યાપકનો નિવૃત્તિ સમારોહ છે. વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે તમારે આપવાનું ભાષણ લખો. 5

અથવા

Q.4 (A) નીચેનો ગદ્યખંડ વાંચીને આપેલાં પ્રશ્નોના જવાબ આપો. 5

આપણું વાચન એ જ આપણા જીવનનું ખરું પ્રતિબિંબ છે. આંતરિક જીવનનાં માપદંડ છે. ઉત્તમ પુસ્તકો આપણાં શ્રેષ્ઠ મિત્રો છે. તે આપણને ઉમદા જીવનદૃષ્ટિ આપે છે. આપણાં જીવનનું ઘડતર કરે છે. લાગણીને કિનારે મનુષ્ય માત્ર સમાન છે. એ હકીકત જગતની ઉત્તમ સાહિત્યકૃતિઓના વાચનથી આપણા હૃદયમાં કોતરાઈ જાય છે. ભક્તિને હૃદયમાં ઉતારનાર મૃત્યુથી નહિ ડરે. ભાગવતનું અધ્યયન કરનારાનાં ઉરમાં પ્રભુપ્રેમ છલકાતો હશે. જૈનગ્રંથોનો વાચક અહિંસાનો ઉપાસક હશે. પુસ્તકો આપણાં જીવન ઉદાત્ત બનાવે છે. ઉત્તમ કોટિનાં પુસ્તકોનું વાચન મનુષ્યને ઉચ્ચ શિખરે લઈ જાય છે. આમ, પુસ્તકો આપણાં ઉત્તમ મિત્ર, માર્ગદર્શક અને તત્ત્વચિંતકની ગરજ સારે છે.

પ્રશ્નો :

I.આપણા જીવનનું ખરું પ્રતિબિંબ કયું છે?

II.આપણા શ્રેષ્ઠ મિત્રો કોણ છે?

III.પુસ્તકો આપણને શું આપે છે?

IV.ભાગવતનું અધ્યયન કરનારના હૃદયમાં શું છલકાય છે?

V. જૈનગ્રંથોના વાચકોમાં શું જોવા મળે છે?

Q.4 (B) તમારી કોલેજમાં યોજાઈ ગયેલ 'રક્તદાન-શિબિર'નું પ્રચાર માધ્યમ માટેનું નિવેદન લખો. 5

Q.5 બહુવિકલ્પ પ્રશ્નનો ઉત્તર આપો. 10

Follow @shyamsireducation 7600301012 www.shyamsireducation.in

1 ક્રમશ: 1 થી 10 પ્રશ્નોના જવાબ આપો.

1.નિબંધનો મુખ્ય અર્થ શો છે?

A.કવિતા સમજાવવી B.વિચારને વિશિષ્ટ રીતે બાંધવો.

C.ઉપરના બંને D.ઉપર પૈકીના એક પણ નહીં

2.' જો હું વૃક્ષ હોઉં તો ' કયા પ્રકારનો નિબંધ કહેવાય?

A.કલ્પનાત્મક B.પ્રવાસનિબંધ

C.વિશ્લેષણાત્મક D.ઉપર પૈકીના એક પણ નહીં

3.'મારી બાળપણની ભૂલ' નિબંધને કયા પ્રકારમાં મૂકશો?

A.ચરિત્રનિબંધ B.આત્મકથનાત્મક

C.ચિન્તનાત્મક D.વિશ્લેષણાત્મક

4.કોઈ પણ કાવ્યપંક્તિના અર્થને વિશેષ રીતે સમજાવવાની પ્રક્રિયાને શું કહેવાય છે?

A.કાવ્ય સર્જન B.કાવ્ય નિંદા

C.કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર D.ઉપરના બધાં

5.કોઈ પણ ગદ્યસૂક્તિના અર્થને વિશેષ રીતે સમજાવવાની પ્રક્રિયાને શું કહેવાય છે?

A.ગદ્યસૂક્તિનો અર્થવિસ્તાર B.ગદ્ય નિંદા

C.ગદ્ય સર્જન D.ઉપરના બધાં

6.કોઈ પણ કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિના અર્થને સમજાવવાની પ્રક્રિયાને શું કહેવાય છે?

A.ગદ્ય સર્જન B.વિચાર વિસ્તાર

C.પદ્ય સર્જન D.ઉપર પૈકીના એક પણ નહીં

7.સંક્ષેપીકરણ કરતી વખતે મુખ્ય ખંડમાંથી શાની બાદબાકી કરવામાં આવે છે?

A.લેખકના નામની B.વધારાના શબ્દોની

C.ફક્ત કાવ્ય પંક્તિની D.ઉપર પૈકીના એક પણ નહીં

8.સંક્ષેપીકરણનો સંજ્ઞાનો બીજો અર્થ શો છે?

A.કાવ્ય સર્જન B.સારલેખન

C.ગદ્યખંડનો વિસ્તાર D.ઉપર પૈકીના એક પણ નહીં

9.પત્રકાર પરિષદમાં વકતા મુખ્ય રીતે શું કરે છે?

A.ઔપચારિક ભાષણ B.ઉદબોધન

C.સ્વાગત D.ઉપર પૈકીના એક પણ નહીં

10.પ્રચાર માધ્યમો માટે કોઈ પણ ઘટના લખીને મોકલવી હોય તો કઈ બાબત તૈયાર કરવી પડે?

A.ઔપચારિક ભાષણ B.ઈનામોની તૈયારી

C.સ્વાગતની તૈયારી D.નિવેદન

Follow @shyamsireducation 7600301012 www.shyamsireducation.in